ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેર આખું લગ્ન મંડપમાં ફેરવાયું

## વસંતપંચમીના શુભ દિને શહેરમાં ૧૦૦ થી દોઢસો લગ્ન પ્રસંગો યોજાયા





ગાંધીનગર, તા. ૫

વિક્રમ સંવત ૨૦૭૮ના વર્ષમાં શનિવારના રોજ મહા સુદ પાંચમના દિવસે વસંતપંચમી નિમિત્તે લગ્ન પ્રસંગોની ભરમાર જોવા મળી હતી. વસંતપંચમીના મુહૂર્તને લગ્ન જેવા શુભ કાર્યો માટે ઉત્તમ મનાયું હોવાથી લગ્નોત્સુકો વધુ વિચાર કર્યા વગર વસંતપંચમીના દિવસે લગ્ન કરે છે. ઉપરાંત વસંતપંચમીના દિવસે કોઈપણ નવા શુભ કાર્યની શરૂઆત કરવી ખૂબ શુભ ગણાય છે. તેથી શહેરભરમાં લગ્નની શહેનાઈઓ ગૂંજી ઉઠી હતી.

વસંતપંચમી નિમિત્તે શહેરીજનોએ સરસ્વતી માતાજીના પૂજન અર્ચન કરીને વસંતપંચમીની ઉજવણી કરી હતી. વસંતપંચમીના રોજ સરસ્વતી માતાજીનું પૂજન કરવાનું મહત્વ રહેલું છે. હિન્દુ ધર્મમાં વસંતપંચમીને શુભ દિવસ માનવામાં આવે છે. તેથી વસંતપંચમીના દિવસે સૌથી વધારે લગ્ન પ્રસંગો યોજાય છે.

શહેરમાં ૧૦૦ થી ૧૫૦ જેટલા લગ્ન પ્રસંગો વસંતપંચમીના શુભ દિવસે યોજાયા હતા. આ વર્ષે ગુરૂનો અસ્ત હોવાથી શુભ પ્રસંગ માટે ૧૭મી ફેબ્રુઆરીએ અંતિમ મુહૂર્ત છે. શહેરમાં વસંતપંચમીના રોજ ગૃહ પ્રવેશ, વાસ્તુ, ભૂમિ પૂજન અને મિલકતના સોદા, સરસ્વતી દેવીની પૂજા સાથે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

કોરોનાના કેસોમાં ઘટાડો થવાના કારણે શહેરીજનોમાં ભયનો માહોલ ઓછો થઈ ગયો છે. તેથી લગ્ન પ્રસંગોમાં આનંદ અને ઉલ્લાસપૂર્વક હોસે હોસે લગ્નો માણી રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર લગ્નોની શહેનાઈ ગુંજી ઉઠી હતી. દરેક પાર્ટી પ્લોટ, લગ્ન મંડપો, રંગમંચ, સેક્ટરો, બગીચાઓ વિગેરેમાં લગ્ન પ્રસંગો યોજાયા હતા.

લગ્ન પ્રસંગોમાં ૩૦૦ માણસોની હાજરી હોવાના કારણે વેડિંગની પેટર્ન પણ બદલાઈ છે. નિયંત્રણોને ધ્યાને લઈ શહેરીજનો એક જ લગ્ન પ્રસંગમાં અલગ અલગ ફંકશન યોજી રહ્યા છે. જેમાં દરેક પ્રસંગ મુજબ મહેમાનોની યાદી બનાવાઈ છે. જુદા જુદા દિવસે જુદા જુદા મહેમાનોને આમંત્રિત કરવામાં આવે છે.

શહેરમાં જ્યાં જોવો ત્યાં લગ્ન મંડપો જોવા મળી રહ્યા છે. લગ્ન પ્રસંગોના કારણે કેટરર્સ, ડીજેવાળા, મંડપવાળા, મહેંદીવાળા, પાર્લરવાળા વેપારીઓમાં આનંદો જોવા મળી રહ્યો છે. જોકે કોરોનાના કારણે અગાઉ સરકારે ૧૫૦ વ્યક્તિની મંજૂરી આપી હતી તેથી મોટા ભાગના લગ્ન પ્રસંગો મોકુફ થઈ ગયા હતા. પરંતુ શહેરીજનોમાં ફરીથી ઉત્સાહનું મોજું જોવા મળી રહ્યું છે. લગ્ન પ્રસંગોમાં ૩૦૦ વ્યક્તિને મંજૂરી આપતા લગ્નસરાની મોસમ ખીલી ઉઠી છે. શહેરીજનો ઉત્સાહપૂર્વક લગ્નસરાનો આનંદ લઈ રહ્યા છે અને લગ્નોમાં કોરોનાનો ભય પણ જોવા મળી રહ્યો નથી. આ મહિનામાં પાંચથી છ દિવસ શહેર આખુ લગ્ન મંડપમાં જોવા મળશે.

### લગ્નસરાની મોસમ પણ ખીલી ઉઠી

કોરોનાની નવી ગાઈલાઈનમાં ખુલ્લા સ્થળે યોજાતા લગ્ન પ્રસંગમાં ૩૦૦ માણસોને એકત્રિત થવાની મંજૂરી અપાઈ છે તેથી લગ્નસરાની મોસમ પણ ખીલી ઉઠી છે. વસંતપંચમીના રોજ વણ જોયા મુહૂર્ત રવિયોગ, પંચકયોગ, અખંડ લક્ષ્મીયોગ પણ હતા. આ મહિનામાં ૧૭ ફેબ્રુઆરી સુધીના ૬ મુહૂર્ત છે. તેમાં તારીખ ૬, ૭, ૧૦, ૧૬ અને ૧૭ શુભ પ્રસંગ માટે યોગ્ય દિવસો છે. ફેબ્રુઆરી મહિના પછી માર્ચ મહિનામાં હોળાષ્ટક અને મીનારક કમૂર્તાના લીધે હવે એપ્રિલમાં ૧૫ તારીખથી લગ્ન મુહૂર્તની શરૂઆત થશે.

### શહેરમાં નવરાત્રિ જેવો માહોલ બની ગયો

શહેરમાં સો થી દોઢસો જેટલા લગ્ન પ્રસંગોના કારણે નવરાત્રિ જેવો માહોલ બની ગયો હતો. સંગીત સંધ્યા અને વરઘોડામાં શહેરીજનો ડીજેના તાલે નાચ્યા હતા. ઘણી જગ્યાએ ગરબાનું સ્પેશિયલ આયોજન હોવાથી નવરાત્રિ જેવો માહોલ બની ગયો હતો. ગરબાના ગીતો અને ગરબે નાચી ઉઠેલા મહેમાનોએ નવરાત્રિની યાદ અપાવી હતી.

## જન્મદિને વધામણી



રિયા કિંજલભાઈ પટેલ
મો. ૯૯૯૮૭૪૭૫૪૪



રિયાન કિંજલભાઈ પટેલ
મો. ૯૯૯૮૭૪૭૫૪૪



કિયાન જીગરકુમાર શ્રીમાળી
મો. ૮૪૯૦૮૪૭૭૯૯



રિપા તુષારભાઈ દવે

## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૫

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ધોરણ ૩ થી ૫ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે આ સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. જેમાં આપણો રાષ્ટ્રધ્વજ, આપણું પાટનગર ગાંધીનગર, જળ એજ જીવન આ વિષય પર ૨૪ વિદ્યાર્થીની બહેનોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં ધો. ૩-બીની દ્વિશા પટેલ, ધો. ૪-એ ની રિનલ શિહોરા અને ધો. ૫-એ ની ઈસીતા વાઘેલા વિજેતા થયા હતા. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રજ્ઞાબેન પટેલ, નિશાબેન પટેલ, નિમિષાબેન પટેલે કર્યુ હતુ. તથા શાળાના પ્રિન્સિપાલબેન નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## સેક્ટર-૨૧ શાકમાર્કેટમાં મહિલા ચોર ગેંગના આંટાફેરા

### મોબાઈલની ચોરી કરતી મહિલા ચોર ગેંગ સીસીટીવીમાં બે વખત નજરકેદ

ગાંધીનગર, તા. ૫

શહેરમાં દિન દહાડે ચોરીના કિસ્સાઓ બની રહ્યા છે. સેક્ટર-૨૧ના શાકભાજી માર્કેટમાં મોબાઈલ ચોરી કરતી મહિલાઓ ચોરી કરતી કેમેરામાં કેદ થઈ હતી. આ મહિલાઓ ગ્રાહકોના ફોનની ચોરી ભરબજારે કરી રહી છે. આ બે મહિનામાં બે થી ત્રણ વખત મોબાઈલ ચોરીના બનાવો શાકમાર્કેટમાં બન્યા હતા. તેથી વેપારીઓ પણ ગ્રાહકોને ચેતવણી આપતા થઈ ગયા છે કે ગ્રાહકો પોતાના પર્સ તથા મોબાઈલ સાચવીને રાખવા જોઈએ કારણ કે ગમે ત્યારે ખિસ્સા કાતરૂ અને મોબાઈલ ચોરતી ગેંગ ચોરીના ઈરાદાથી ચોરી કરી શકે છે.

શાકમાર્કેટમાં સીસીટીવી કેમેરા ઉપલબ્ધ હોવાથી મોબાઈલની ચોરી કરતી વખતે મહિલાઓ કેમેરામાં કેદ થઈ ગઈ હતી. મોબાઈલની ચોરી થનાર ગ્રાહક દ્વારા પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી. શાકમાર્કેટમાં મોબાઈલ ચોરીનો ભોગ બનનાર ગ્રાહકે જ્યારે શાકમાર્કેટમાં જઈને તપાસ અને પૂછપરછ કરી ત્યારે શાકમાર્કેટના વેપારીઓ દ્વારા તેમના સીસીટીવી કેમેરાની તપાસ કરીને સમગ્ર ઘટના બહાર આવી હતી અને ચોરોની ગેંગ વિશે ભાંડો ફૂટ્યો હતો.

શહેરમાં સેક્ટર-૨૧નું માર્કેટ ભરચક જોવા મળે છે. જેમાં શાકભાજી માર્કેટમાં આખો દિવસ અને રાત્રી દરમ્યાન ગ્રાહકોની ભીડ થતી હોય છે. તેથી ચોરી કરનાર મહિલા ગેંગ દરરોજ આ વિસ્તારમાં આંટાફેરા મારે છે અને ગમે તે ગ્રાહકના મોબાઈલની ચોરી કરી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉ બે ખત આ જ વિસ્તારમાં કેમેરામાં કેદ થયેલી મહિલા ચોર ગેંગ મળી હતી. જે પોલીસના સંકંજમાં આવી રહી નથી. માર્કેટમાં ખુલ્લેઆમ કોઈપણ ગ્રાહકના મોબાઈલ નજરે પડે તેવા તરત પાછળ પાછળ જઈ તેમનો પીછો કરી તક મળતા તરત મોબાઈલ ગાયબ થઈ રહ્યા છે અને પોલીસ ફરિયાદ કરવા છતાં મોબાઈલનો કોઈ અતોપત્તો મળતો હોતો નથી.

શહેરમાં મહિલા ચોરની ગેંગ કોઈ પણ જાતની બીક વગર દિનદહાડે ચોરી કરી રહી છે ત્યારે પોલીસતંત્ર શું કરી રહ્યું છે તે પણ એક પ્રશ્ન છે. બજારોમાં ચોરીની ઘટનાઓ બની રહી છે ત્યારે પોલીસતંત્ર દ્વારા કડક સુરક્ષા માર્કેટમાં ગોઠવવવો રહ્યો. મોબાઈલ જેવી કિંમતી વસ્તુઓની ચોરી વધવાથી ગ્રાહકો તથા શહેરીજનો અને વેપારી વર્ગમાં ભયનો માહોલ છે. રાત્રી દરમિયાન પણ ચોરોની ગેંગ કોઈ પણ બંધ મકાનોમાં ગુસીને તોડફોડ કરીને મોટો મુદ્દામાલની ચોરી કરી રહી છે. બંધ મકાનોને પહેલો શિકાર બનાવવામાં આવે છે તે જ રીતે શાકમાર્કેટમાં મોબાઈલ ખિસ્સામાં મુકેલો હોય કે હાથમાં પકડેલો હોય ગાયબ થઈ જતા વાર લાગતી નથી. તેથી શાકમાર્કેટમાં ગ્રાહકોએ ધ્યાન રાખવું પડશે. આ મહિલા ચોર ગેંગથી સચેત રહેવુ પડશે.

## જુસિકા દ્વારા રાંધેજાના દિવંગતનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગર તા.૦૫

ગાંધીનગર જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગુરૂવારે ચક્ષુદાન મેળવાયું હતું જેને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવામાં આવ્યું હતું. ગાંધીનગરના રાંધેજામાં સ્પર્શ કાઉન્ટીમાં મકાન નં.૨૦ ખાતે રહેતા ૬૨ વર્ષીય જયમલસિંહ જગજીવનસિંહ સોઢાનું તા.૩જી ફેબ્રુઆરીના રોજ અવસાન થવા પામ્યું હતું. સ્વર્ગસ્થના કુટુંબીજન હરપાલસિંહની સંમતિથી જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન મેળવવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સ્વર્ગસ્થના ચક્ષુ એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડો.વ્યોમાબેન અને મિતેષભાઈ તેમજ જુસિકાના કાર્યકર સંજય વાઘેલા દ્વારા પુરી પાડવામાં આવી હતી. એકત્ર કરાયેલાં ચક્ષુઓને જુસિકાના કાર્યકર દિલીપભાઈ અને રાજુ શ્રીમાળી દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવાનું ભગીરથ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજની વાર્ષિક સાધારણ સભા ૨૦મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૫

શ્રી સમસ્ત બ્રહ્મસમાજની ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૦મીએ સવારે ૯ વાગ્યે બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે યોજાશે. જેમાં વાર્ષિક હિસાબો મંજૂર કરવા બાબત, બ્રહ્મભવન ખાતે ચાલતા તાલીમ વર્ગો બાબતે ચર્ચા, ચેરીટી કમિશનર કચેરીમાં થયેલ કામો અને બાકી રહેલા કામો બાબત, ભવન નિર્માણ, સોમનાથ મહાદેવ મંદિરના વહીવટ બાબત, નવી કારોબારીની રચના બાબત, પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે સમગ્ર એજંડા પર ચર્ચા કરવામાં આવશે. આ સાધારણ સભામાં ફક્ત આજીવન સભ્યોએ જ હાજરી આપવાની રહેશે.

## ઉમા આર્ટસ અને નાથીબા કોલેજમાં વસંતપંચમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં વસંતપંચમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. હરિતભાઈ પટેલની પ્રેરણા અને ડૉ. જે.વી. પટેલના માર્ગદર્શન હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. મનુભાઈ પરમારે વસંતઋતુની જીવનમાં મહત્તા સમજાવીનો કાર્યક્રમની શરૂઆત કરી હતી. મુખ્ય વક્તા ડૉ. નરેશભાઈ દવેએ ભારતીય પરંપરામાં વસંતપંચમીનું મહત્વ સમજાવ્યું હતું. શીતલ ઝાલા, નિષ્ઠા શાહ, શીતલ ઝાલા અને પીંકી ઠાકરે પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હરેશભાઈ પટેલ, ડૉ. ભરતભાઈ તડવી, ડૉ. પ્રતાપ જોષીપુરા, ડૉ. રીટા ગાંધી, ડૉ. જ્યોતિબેન પંચાલ, ડૉ. શ્રૃતિ સુથાર, હેતલબેન સહિત કોલેજની વિદ્યાર્થીનીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

## એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમમાં વસંતપંચમીની ઉજવણી




ગાંધીનગર, તા. ૫

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વસંતપંચમી ઉત્સવ નિમિત્તે ઓનલાઈન સરસ્વતી દેવીની પૂજા અર્ચનાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




## એસ.એસ.વી. કેમ્પસમાં કેન્સર દિવસ ઉજવાયો

એસ.એસ.વી. કેમ્પસ, ગાંધીનગર ખાતે તારીખ ૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ વિદ્યાર્થીઓએ "વિશ્વ કેન્સર દિવસ" અંતર્ગત કેન્સર જેવા ગંભીર રોગની માહિતી સ્પીચ દ્વારા આપી. તથા ચાર્ટ, પર સુત્રો અને ચિત્રો બનાવ્યા. કેન્સર નિષ્ણાતો અનુસાર આ ગંભીર બીમારીનું સમયસર નિદાન કરી ઈલાજ કરવામાં આવે તો કેન્સર સામે લડીને મોતનો ખતરો ટાળી શકાય છે. 'કેન્સર' અંગે સમાજમાં એક ડર છે. પણ તેનો ઈલાજ સંભવ છે. શરૂઆતમાં જ રોગની ઓળખ થઈ જાય તો જલ્દી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરી સાજા થઈ શકાય. કેન્સરના ઉપચાર માટે દેશ ઘણો આગળ પ્રગતિ કરી રહ્યો છે.

## એસ. વી. સ્કૂલમાં વસંતપંચમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૫

એસ.વી. ઈંગ્લિશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં વસંતપંચમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ઓનલાઈન ક્લાસમાં શિક્ષિકાઓએ વસંતપંચમીનું મહત્વ સમજાવી, બાળકોને સ્વસ્થ, તંદુરસ્ત, દિર્ઘાયુષ અને શ્રેષ્ઠ વિદ્યાભ્યાસ માટે આશીર્વાદ આપ્યા હતા. બાળકોએ પણ ઓનલાઈન ક્લાસમાં કેસરી અને પીળા વસ્ત્રો પરિધાન કરી આ ઉજવણીનો આનંદ માણ્યો હતો.

## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ખાતે સારવાર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૫

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. સૂક્ષ્મ જીવાણુ વિજ્ઞાન વિભાગ તેમજ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પરિસર ખાતે કોવિડ-૧૯ પ્રતિરોધક ઉકાળા તેમજ હોમીયોપેથિક દવા વિતરણ કેમ્પ યોજ્યો હતો. આ કેમ્પમાં ૫૭ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આયુર્વેદ તેમજ હોમિયોપેથિક પદ્ધતિ દ્વારા કોવિડ ઉપરાંત જુદા જુદા રોગોનું નિદાન તેમજ સારવાર કરવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવા તેમજ પરિચારિકા ચેતનાબેન જાનીનો સહયોગ રહ્યો હતો. દોલારાણા વાસણાના સરકારી આયુર્વેદ દવાખાનાના વૈદ્ય પલક કટારીયા તેમજ ચીલોડા સરકારી હોમિયોપેથીક દવાખાનાના તબીબ ડૉ. ઘનશ્યામ પ્રજાપતિએ નિષ્ણાંત તરીકે સેવા આપી હતી. જેમાં સંચાલનકર્તા ડૉ. નીરજ અને આચાર્ય તેજસ હતા.




## સરસ્વતી વિદ્યાલય ખાતે વસંતપંચમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૫

સરસ્વતી વિદ્યાલય ખાતે વસંતપંચમી નિમિત્તે સરસ્વતી માતાજીનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજનવિધિમાં સરસ્વતી વિદ્યાલયના સ્ટાફમિત્રો તથા શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા હાજર રહ્યા હતા. શાળાની વિદ્યાર્થીની દ્વારા દીપ પ્રાગટ્ય કરાવીને મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને ઉપસ્થિત રહેલા તમામ નાગરિકોને પ્રસાદનું વિતરણ કર્યુ હતુ.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સેનેટરી પેડ્સનું વિતરણ

ગાંધીનગર, તા. ૫

રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા પરમેનન્ટ પ્રોજેક્ટ અંતર્ગત આદર્શ નિવાસી વિદ્યાલય સેક્ટર-૮ ખાતે વિદ્યાર્થીનીઓની જરૂરિયાત તેવા સેનેટરી પેડ્સનું વિતરણ કર્યુ હતુ. આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીનીઓને આ પેકેટ્સ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર સહિત શાળા પરિવારના આચાર્યા, શિક્ષકો, સ્ટાફ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર કાળીબેન સોમાજી, ઉ.વ.૫૫, ઈન્દ્રોડા
- સ્વ.વિહોલ કેશરબા દપુજી, ઉ.વ.૫૩, પિલવાઈ, વિજાપુર
- સ્વ.મિશ્રા બદ્રીપ્રસાદ રામજીલાલ, ઉ.વ.૬૭, મોટા ચિલોડા
- સ્વ.મેશ્રી જયાબેન પોપટલાલ, ઉ.વ.૭૦, સેક્ટર-૬